જેલ ખાતાના અધિકારી/કર્મચારીઓને
રાષ્ટ્રપતિ ચંદ્રકો એનાયત કરવા માટેના
નામોની ભલામણ માટેની "સ્ટેટ પ્રિઝન્સ
એવોર્ડ કમિટિ" રચના કરવા બાબત.

ગુજરાતસરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃજલમ/૫૦૨૦૦૧/જીઓઆઇ/૪૪/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 1 MAR 2004

વંચાણે લીધાઃ (૧) જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીનો તા. ૭/૧૦/૨૦૦૩ નો પત્ર ક્રમાંકઃમકમ / ૫ /૩ /૧૮૧૨/૨૦૦૩.

ભારત સરકાર તરફથી સ્વાતંત્ર્ય દિન (૧૫મી ઓગષ્ટ) તથા પ્રજાસત્તાક દિન– (૨૬ મી જાન્યુઆરી) ના પ્રસંગોએ પોલીસ ખાતાના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓની કામગીરીની કદર રૂપે તેમને રાષ્ટ્રપતિના વિશિષ્ટ સેવા માટેના પોલીસ ચંદ્રકો, પ્રશંસનીય સેવા માટેના પોલીસ ચંદ્રકો, વીરતા માટેના રાષ્ટ્રપતિશ્રીના પોલીસ ચંદ્રકો એનાયત કરવામાં આવે છે. તેવી જ રીતે જેલ ખાતાના અધિકારીઓ/કર્મચારીઓ માટે સુધારાત્મક સેવા પદક તથા શોર્ય પદકનાં નામોની ભારત સરકારને ભલામણ કરવા માટેની "સ્ટેટ પ્રિઝન્સ એવોર્ડ કમિટિ" ની રચના કરવા માટે આમુખમાં દર્શાવેલ પત્રથી જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીએ કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. કાળજી પૂર્વકની વિચારણા બાદ જેલ ખાતાના અધિકારી/કર્મચારીઓ માટે સુધારાત્મક સેવા પદક તથા શોર્ય પદક આપવા માટેના નામોની ભલામણ ભારત સરકારને કરવા માટે નીચે મુજબના અધિકારીઓની (સ્ટેટ પ્રિઝન્સ એવોર્ડ કમિટિ") જેલ સ્ટાફ માટેની રાજ્ય કક્ષાની પદક સમિતિની રચનાકરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | અગ્ર સચિવશ્રી/સચિવશ્રી(વા.વ્ય./જેલ) ગૃહ વિભાગ, ગુજરાત સરકાર સચિવાલય, ગાંધીનગર. | અધ્યક્ષ |
| ૨. | અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ. | સભ્ય |
| ૩. | ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી(જેલ), ગુજરાત રાજ્ય, અમદાવાદ. | સભ્ય. |
| ૪. | નાયબ સચિવશ્રી(કર્મ.ગણ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર | સભ્ય |
| ૫. | નાયબ સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી(જેલ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | સભ્ય સચિવ |

૩. જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રીની કચેરીએ રાજયની જેલોના રાષ્ટ્રપતિના સચિવશ્રીના કાર્યાલયની અધિસૂચના અને તેમાં વખતો વખત થતા સુધારા અને ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૧૮/૫/૯૯ ના પત્ર ક્રમાંકઃવી.૧૭૦૧૩/૫/૮૯/જી.પી.એ/૪ અને ભારત સરકારના વખતો વખત જે સૂચનાઓ/માર્ગદર્શક ધોરણો– માપદંડો ધ્યાને લઈને જેલ ખાતાના કર્મચારી/અધિકારીઓના નામોની વિચારણા કરીને "સ્ટેટ પ્રિઝન્સ એવોર્ડ કમિટિ" સમક્ષ ભલામણો સરકારમાં મોકલવાની રહેશે.

૪. સ્વાતંત્ર્ય દિન માટે એનાયત કરવાના પદકો/ચંદ્રકો માટેની ભલામણો રાજય સરકારે ૧૫ મી મે સુધીમાં તથા પ્રજાસત્તાક દિન માટે એનાયત કરવાના પદકો/ચંદ્રકો માટેની ભલામણો રાજય સરકારને ૨૬ મી ઓકટોબર સુધીમાં ભારત સરકારને મોકલી આપવાની હોય છે. આથી જેલ ખાતાએ યોગ્ય કિસ્સાઓની માહિતી ઓછામાં ઓછા એક મહિના અગાઉ ઉકત સમિતિ સમક્ષ ગૃહ વિભાગને રજૂ કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિલીપસિંહ ડી. ચૌહાણ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(જેલ)ના અંગત સચિવશ્રી.
- મુખ્ય સચિવશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(વા.વ્ય/જેલ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી.
- ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
- નાયબ સેકશન અધિકારીશ્રી, પસંદગી ફાઈલ.
- શાખા સિલેકટ ફાઈલ.